જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૨૪/૧૦/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-     સમાચાર યાદી નં.૨૦૭૭/૧૮

વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :-

વસ્ત્રાપુર પોસ્ટે ફ.ગુ.ર.નં ૨૧૨/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯,મુજબના કામે મુદ્દામાલ
સાથે આરોપીને જડપી પાડતી સોલા હાઇકોર્ટ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબના હુકમ આધારે મે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "એ" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમજ સોલા પો.સ્ટેશનના પો.ઇન્સ શ્રી ડી.એચ.ગઢવી નાઓના સીધા સુપરવિઝન હેઠળ અત્રેના સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ના પો.સ.ઇ ડી.આર.ગઢવી નાઓએ સ્ટાફના માણસો સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના હે.કો તારિકમહમંદ સિંકદરભાઇ તથા હે.કો રમેશકુમાર માધવલાલ નાઓની સંયુકત બાતમી આધારે આરોપી આશીષ કાંતીલાલ પટેલ ઉ.વ-૨૯ રહે –મ.નં-૪, શ્રીજી એપાર્ટમેંટ ભાઇ કાકા નગર થલતેજ ,અમદાવાદ શહેર નાને આજરોજ તા.૨૩/૧૦/૨૦૧૮ના કલાક ૧૬/૫૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરેલ છે અને તેની પાસે થી એક મરુન કલરનુ ટી.વી.એસ.કંપનીનુ જ્યુપીટર સ્કુટર જેની આગળ પાછળ આર.ટી.ઓ નંબર લખેલ નથી જેનો એંજીન નં-MD626EG49 H3G18887 તથા ચેસીસ નં- EG4GH2309008 નો વંચાય છે જેની હાલની કીંમત રૂ.૪૫,000/-ગણી શકાય જે કબ્જે કરી તપાસ કરતા વસ્ત્રાપુર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૨૧૨/૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ નો ગુનો શોધી કાઢી મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડતી સોલા હાઇકોર્ટ પોલીસ.

## **સરદારનગર પોલીસ સ્ટેશન :**

### પાસાના આરોપીને ધરપકડ કરતી સરદારનગર પોલીસ

મે. નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન -૪, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન સાહેબ નાઓ તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એન.વીરાણી સાહેબ નાઓની સુચના આધારે હે.કો. હસમુખભાઇ કેશવલાલ બ.ન.૯૨૪૯ તથા રમેશભાઇ રત્નાભાઇ બ.ન. ૯૯૩૬ તથા પો.કો. શક્તિસિંહ લાલુભા બ.નં. ૩૧૨૯ તથા પો.કો સંદિપસિંહ કોદરસિંહ નાઓ સાથે પો.સ્ટે વિસ્તાર માં પેટ્રોલીંગ મા હતા દરમ્યાન હે.કો. હસમુખભાઇ કેશવલાલ બ.ન.૯૨૪૯ તથા રમેશભાઇ રત્નાભાઇ બ.ન. ૯૯૩૬ બાતમી હકીકત આધારે પાસા અટકાયતી નામે પોપટજી મેરૂજી ઠાકોર ઉ.વ.૩૭ રહે-મ.નં બી/૭ બળીયાદેવનગર ભૈયાજી ની ચાલી પીકનીક પાર્ટી પ્લોટ ની સામે ઇંડીકેપ નોબલનગર સરદારનગર અમદાવાદ નાઓને પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૧000/૨૦૧૮ થી હુકમ થયેલ હોય જે આધારે આજ રોજ તા. ૨૪/૧૦/૨૦૧૮ ના રોજ પાસા અટકાયતી નાઓને પકડી હુકમની બજવની કરી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંસનીય કામગીરી કરેલ છે.

## **બાપુનગર પોલીસ સ્ટેશન :**

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી " એચ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશનના ગુનાઓ બનતા અટકાવવા સારુ અસરકારક પગલાં લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.બી.ચૌધરી બાપુનગર પો.સ્ટે.અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ **જીતેન્દ્ર ઉર્ફે જીતુ સ/ઓ બાબુભાઇ કલાલ ઉવ.૩૦ રહે.બ્લોક નં.૧૧૬/૮૯૯ ગુ.હા.બોર્ડ કલાપીનગર મેઘાણીનગર અમદાવાદ શહેર** નાનો પ્રોહીબીશન સંબંધી ગુનાઓ કરવાની પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય. તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/ પાસા/૧૦૧૧/૧૮ તા.૨૩/૧૦/૨૦૧૮ થી પાસા હુકમ કરતાં મજકુર પાસા અટકાયતિને આજરોજ તા.૨૩/૧૦/૧૮ ના કલાક ૨૧.૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી " **સુરત** (લાજપોર) **જેલ**" ખાતે પાસા અટકાયત હેઠળ રહેવા સારું જરુરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા/૨૩/૧૦/૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.